**આદિજાતિ વિકાસ વિભાગ હસ્તકની યોજનાઓ હેઠળ આપવામાં આવતી દુધાળા પશુ સહાયની યુનિટ કોસ્ટમાં વધારો કરવા બાબત.**

ગુજરાત સરકાર

આદિજાતિ વિકાસ વિભાગ

**ઠરાવ ક્રમાંક: TDD/HGY/e-file/25/2022/1154/G**

સચિવાલય, ગાંધીનગર

તા.ઈ-સાઈન મુજબ

**વંચાણે લીધા:-**

(૧) નિયામકશ્રી (આ.વિ)ની કચેરીનો તા.૨૩/૦૭/૨૦૨૪નો પત્ર ક્રમાંક: આવિ/અદમ/ફા.નં૮૮૦/૨૦૨૪/૧૫૨૮

(૨) આદિજાતિ વિકાસ વિભાગનો તા.૧૨/૦૩/૨૦૨૪નો ઠરાવ ક્રમાંક: TDD/VKY/e-file/25/2023/1772/P

(૩) આદિજાતિ વિકાસ વિભાગનો તા.૧૯/૧૦/૨૦૨૨નો ઠરાવ ક્રમાંક: હપય/૧૫૨૦૨૨/૪૪૫/ગ

**પ્રસ્તાવના:-**

આ વિભાગનાં વંચાણે લીધા ક્રમાંક: (૨)ના ઠરાવથી આદિજાતિ વિકાસ વિભાગ હસ્તકની સંકલિત ડેરી વિકાસ યોજના હેઠળ દુધાળા પશુ સહાયની યુનિટ કોસ્ટમાં રૂ.૭૦,૦૦૦/- થી વધારો કરી રૂ.૯૦,૦૦૦/- કરવામાં આવેલ છે. ઉક્ત વંચાણે લીધા ક્રમાંક (૩)ના ઠરાવથી આદિજાતિ વિકાસ વિભાગ હસ્તકની અન્ય યોજનાઓ જેવી કે, મુખ્યમંત્રી આદિમજૂથ સર્વાંગી ઉત્કર્ષ યોજના, મુખ્યમંત્રી હળપતિ સર્વાંગી ઉત્કર્ષ યોજના, આદિમજૂથોના વિકાસ માટે સી.સી.ડી પ્રોજેક્ટ (૧૦૦% કેન્દ્ર પુરસ્કૃત), મુખ્યમંત્રી બોર્ડર વિલેજ સર્વાંગી ઉત્કર્ષ યોજના, ન્યુ ગુજરાત પેટર્ન વગેરે યોજનાઓ હેઠળ યુનિટ કોસ્ટ દીઠ રૂ.૭૦,૦૦૦/- સહાય આપવામાં આવે છે. આથી, આદિજાતિ વિકાસ વિભાગ હસ્તકની આ યોજનાઓમાં દુધાળા પશુની યુનિટ કોસ્ટ સમાનતા જળવાય તે હેતુથી સંકલિત ડેરી વિકાસ યોજના મુજબની યુનિટ કોસ્ટમાં વધારો કરવાની બાબત સરકારશ્રીના સક્રિય વિચારણા હેઠળ હતી.

**ઠરાવ:-**

પુખ્ત વિચારણાના અંતે, આદિજાતિ વિકાસ વિભાગ હસ્તકની નીચે મુજબની યોજનાઓમાં દુધાળા પશુ માટેની યુનિટ કોસ્ટ રૂ.૭૦,૦૦૦/- માં વધારો કરી રૂ.૯૦,૦૦૦/- કરવામાં આવે છે.

**૧. મુખ્યમંત્રી આદિમજૂથ સર્વાંગી ઉત્કર્ષ યોજના**

| ક્રમ | યુનિટ દીઠ કિંમત (રૂ.) | સહાયની રકમ (રૂ.) | લાભાર્થી ફાળો (રૂ.) |
|---|---|---|---|
| ૧ | ૯૦,૦૦૦/- | ૮૭,૦૦૦/ | ૩,૦૦૦/- |

**૨. મુખ્યમંત્રી હળપતિ સર્વાંગી ઉત્કર્ષ યોજના, ન્યુ ગુજરાત પેટર્ન, મુખ્યમંત્રી બોર્ડર વિલેજ સર્વાંગી ઉત્કર્ષ યોજના તથા અન્ય યોજનાઓ**

| ક્રમ | યુનિટ દીઠ કિંમત (રૂ) | સહાયની રકમ (રૂ.) | લોન (રૂ.) | લાભાર્થી ફાળો (રૂ.) |
|---|---|---|---|---|
| ૧ | ૯૦,૦૦૦/- | ૫૮,૦૦૦/- | ૨૯,૦૦૦/- | ૩,૦૦૦/- |

વધુમાં, આ યોજના અંતર્ગત લાભાર્થી લોન કોમ્પોનેન્ટ ગુજરાત આદિજાતિ વિકાસ નિગમ/બેંક/અન્ય કોઇ સહકારી મંડળી મારફતે લઇ શકાશે.

૩. ન્યુ ગુજરાત પેટર્ન અને મુખ્યમંત્રી બોર્ડર વિલેજ સર્વાંગી ઉત્કર્ષ યોજના હેઠળ જો આદિમજૂથ લાભાર્થીની પસંદગી કરવામાં આવે તો લાભાર્થીનો ક્રમ-૧ મુજબની "મુખ્યમંત્રી આદિમજૂથ સર્વાંગી ઉત્કર્ષ યોજના" હેઠળ નિયત થયેલ સહાયના દર મુજબ લાભ આપવાનો રહેશે.

**શરતો:-**

- લાભાર્થીઓની પસંદગી પારદર્શક પ્રકિયા અનુસરી કરવાની રહેશે.
- આ યોજનાઓ માટે નિયત થયેલ અંદાજપત્રીય જોગવાઈની મર્યાદામાં ખર્ચ કરવાનો રહેશે.
- આ વિભાગના તા.૧૨/૦૩/૨૦૨૪નો ઠરાવ ક્રમાંક: TDD/VKY/e-file/25/2023/1772/Pની અન્ય શરતોનું પાલન કરવાનું રહેશે.
- આ યોજનાઓને સંબંધિત ઠરાવોની અન્ય જોગવાઈઓ યથાવત રહેશે.

આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ પર સરકારશ્રીની તા.૨૭/૦૫/૨૦૨૬પથી મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાત રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

(જનક ભાલોડિયા)

સેક્શન અધિકારી

આદિજાતિ વિકાસ વિભાગ

**પ્રતિ,**

- માન. રાજ્યપાલશ્રીના અંગત સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર
- માન. મુખ્યમંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર
- માન.મંત્રીશ્રી (આ.વિ), સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર
- માન. રા.ક.મંત્રીશ્રી (આ.વિ), સ્વર્ણિમ સંકુલ-૨, સચિવાલય, ગાંધીનગર
- અધિક મુખ્ય સચિવશ્રીના અગ્ર રહસ્ય સચિવશ્રી, આદિજાતિ વિકાસ વિભાગ, ગાંધીનગર.
- કમિશનરશ્રી, આદિજાતિ વિકાસની કચેરી, બિરસા મુંડા ભવન, સેક્ટર-૧૦/એ, ગાંધીનગર
- મહાલેખાકારશ્રી, રાજકોટ/અમદાવાદ
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર
- મુકામી તપાસણી અધિકારીશ્રી, ગાંધીનગર.
- સર્વે જિલ્લા તિજોરી અધિકારીશ્રી (કમિશનરશ્રી, આ.વિની કચેરી મારફતે)
- સર્વે મદદનીશ કમિશનરશ્રી (કમિશનરશ્રી, આ.વિની કચેરી મારફતે)
- નાણા સલાહકારશ્રી (આ.વિ), બ્લોક-૧૧/૨, સચિવાલય, ગાંધીનગર
- ના.સે.અ.શ્રી સિલેક્ટ ફાઈલ

Signature Not Verified
Signed by: Janak Bhalodiya
Section Officer
Date: 2025.05.31 16:32:35 +05:30



*Open the document in Adobe Acrobat DC to verify the E-sign*